આકાશાસ્તિકાય...

9

આકાશાસ્તિકાય દ્રવ્ય લોક અને અલોકના ભેદથી બે પ્રકારે છે. જો કે આકાશ દ્રવ્ય લોકાલોકમાં સર્વત્ર હોવાથી એક અખંડ દ્રવ્ય જ છે, પરંતુ લોકમાં રહેલ ધર્માસ્તિકાયાદિક દ્રવ્યોની સાથે રહેતા આકાશાસ્તિકાયને "**લોકાકાશ**" અને તે સિવાયના આકાશાસ્તિકાયને "**અલોકાકાશ**" કહેવામાં છે. તેમાં પ્રથમ લોકાકાશનું સ્વરૂપ કહેવામાં છે.

(લોકાકાશ)

લોકમાં રહેલ આકાશદ્રવ્ય અસંખ્ય પ્રદેશ પ્રમાણ છે અને તે સ્વપ્રમાણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્યો વડે મહાકાલ યુક્ત છે એટલે જેમ રાજા બે પ્રધાનો ધારણ કરીને જગતનું રક્ષણ કરે તેમ આ બંને દ્રવ્યો સાથે રહી જગતને ઉપકારક બને છે કારણ કે આકાશ (અવકાશ) વિના એટલે ખાલી જગ્યા વિના જીવ પુદ્ગલો રહી જ ન શકે એટલે તે જરૂરી દ્રવ્ય છે. આ લોકાકાશના સ્કંધ-દેશ-પ્રદેશોનું સ્વરૂપ પણ ધર્માસ્તિકાયની જેમ જ સમજવું...

આ આકાશાસ્તિકાય દ્રવ્ય "**દ્રવ્ય**"થી એક જ અને સર્વ વ્યાપ્ત છે. પણ ધર્માસ્તિકાયાદિની અપેક્ષાએ તે બે વિભાગમાં વહેંચાયેલું છે. લોકમાં રહેલ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની સાથે રહેનારાં "**લોકાકાશ**" કહેવાય છે અને તે સિવાયનું "**અલોકાકાશ**" કહેવાય છે". એ પ્રમાણે તે "**ક્ષેત્ર**"થી લોકાલોક પ્રમાણ હોવાથી અનંત છે, પરંતુ લોકાકાશની અપેક્ષાએ આકાશદ્રવ્ય અસંખ્યપ્રદેશાત્મક છે. "**કાલ**"થી તે અનાદિ અનંત અર્થાત્ શાશ્વત છે. "**ભાવ**"થી વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી રહિત છે અને "**ગુણ**"થી અવગાહ-અવકાશ આપવાના સ્વભાવવાળું છે. જેથી ત્યાં જીવ અને પુદ્ગલોને સ્થાન મળ્યું છે.

જેમ સાકરને અવકાશ આપનાર જેમ દૂધ છે અને અગ્નિને અવકાશ આપનારી જેમ તપ્તલોખંડનો ગોળો છે તે જ રીતે ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચારેય દ્રવ્યોને જગ્યા આપવામાં કારણભૂત જો કોઈ પણ દ્રવ્ય હોય તો તે આકાશાસ્તિકાય છે. એક આકાશપ્રદેશ જેટલા સ્થાનમાં પરમાણુ આદિ એક દ્રવ્ય રહે છે, તેટલા જ એટલે એક આકાશ પ્રદેશ જેટલા સ્થાનમાં (પુદ્ગલની તથાવિધ વિચિત્રતા હોવાથી) સેંકડો-હજારો-લાખો-સંખ્ય અસંખ્ય-અનંત પ્રદેશી સ્કંધોનો જથ્થો પણ રહી શકે છે. જેથી આકાશમાં અવગાહ આપવાના ગુણની સ્વતઃ સિદ્ધિ થાય છે. અહીં એટલું પણ એક સમજવા જેવી બાબત છે કે જે આકાશ પ્રદેશમાં સંખ્યપ્રદેશી, અસંખ્યપ્રદેશી કે અનંતપ્રદેશીસ્કંધો રહે છે ત્યાં જ બીજા તેવા સંખ્ય કે અસંખ્ય કે અનંતપ્રદેશી સ્કંધ રૂપી પુદ્ગલો પણ તેના તેવા પ્રકારના શક્તિ ગુણ સ્વભાવે જ રહી શકે છે અર્થાત્ પુદ્ગલોનાં તેવા પ્રકારનો વિચિત્ર સ્વભાવ જ છે. જેમ એક ઓરડામાં જેટલા સ્થાનમાં એક જ દીપક પોતાના પ્રકાશને ફાલાવે છે એ જ ઓરડામાં બીજા પ્રદીપ જેવા સેંકડો હજારો દીપકો કે ઈલેક્ટ્રિક બોળાઓ મૂકવામાં આવે તો પણ તે સઘળાં દીવાઓનો પ્રકાશ પૂર્વ પ્રકાશમાં અંતર્ગત થઈ જાય છે. અર્થાત્ એ જ જગ્યામાં તે બધાના પ્રકાશને અવકાશ મળી શકે છે... તેમ.... (**ભગવતી સૂત્ર, શતક/૧૪, ઉદ્દેશ/૪**)

અથવા બીજું દૃષ્ટાંત વિચારીએ તો... જેમ એક તોલા જેટલા પારામાં પ્રગૃહ્ય ઔષધિના પ્રબળ પ્રયોગથી ૧૦૦ તોલા જેટલું સુવર્ણ પણ પ્રવેશ કરી (સમાઈ) જાય છે છતાં પણ કોઈ અદ્ભુત અને અગમ્ય પ્રયોગ ક્રિયાની શક્તિના બળે તે પારાને પુનઃ તોળતાં તો ૧ તોલો પ્રમાણ જ આવીને ઊભું રહેશે. ૧૦૦ તોલો સુવર્ણ સમાઈ જાય છતાં જરા પણ તે વધે નહિ એટલું જ નહિ પણ એ સમાયેલું ૧૦૦ તોલા સુવર્ણ અને ૧ તોલો પારો બંનેને એકમેક થયેલ સ્થિતિમાંથી તથા પ્રકારની ઔષધિની અલગ-અલગ પણ કરી શકાય છે તે રીતે પરમાણુની અનંતપ્રદેશી સ્કંધ સુધીના અનેક પુદ્ગલો પણ એકાદિ આકાશપ્રદેશમાં સમાઈ શકે છે. (**ભગવતી સૂત્ર, શતક/૧૪, ઉદ્દેશ/૪**)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org